વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના છ નિગમો માટે સીધા ધિરાણની યોજના અંતર્ગત વ્યાજદર નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2025/0974/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૧/૨૦૨૬

**વંચાણમાં લીધા :-**

(૧) આ વિભાગનો તા.૨૧/૦૯/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : સશપ/૧૩૨૦૧૬/૧૦૩૧૧૫/અ.
(૨) આ વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક : ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧.
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૦૪/૨૦૨૫નો પત્ર ક્રમાંક: DDCW/0015/04/2025.

**આમુખ:**

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (૨) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ (૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને (૪) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૫) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ એમ કુલ ૦૫ (પાંચ) નિગમો માટે શૈક્ષણિક અને સ્વરોજગારલક્ષી યોજના માટે સીધા ધિરાણની નવી બાબત મંજુર કરવામાં આવેલ હતી. વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓને મંજુરી આપવામાં આવેલ હતી. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણમાં લીધેલ ક્રમાંક (૩) પરના તા.૦૩/૦૪/૨૦૨૫ના પત્રથી તેઓ હસ્તકના તમામ છ નિગમો માટે એકસમાન વ્યાજદર લાગુ પાડવાની દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવની ક્રમ-(૨)ની જોગવાઇ "નિગમોએ લાભાર્થી પાસેથી National Backward Classes Finance and Development Corporation ના નિયત થયેલ વ્યાજ દરે લેવાનું રહેશે. તેમજ NFCFDCની શરતો મુજબ ધિરાણ કરવાનું રહેશે." આથી રદ કરવામાં આવે છે.

હવે પછીથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ઉક્ત છ નિગમોમાં સીધા ધિરાણની યોજના અંતર્ગત નીચે મુજબના વ્યાજદર લાગુ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શૈક્ષણિક લોન યોજનાઓ માટેના વ્યાજદર:-**

| ક્રમ | નિગમનું નામ | વ્યાજદર |
|---|---|---|
| ૧ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | કન્યા-૩.૫%<br>કુમાર-૪.૦% |
| ૨ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | |
| ૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | |
| ૬ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | |

**સ્વરોજગારલક્ષી લોન યોજનાઓ માટેના વ્યાજદર:-**

| ક્રમ | નિગમનું નામ | વ્યાજદર |
|---|---|---|
| ૧ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | સ્ત્રી-૪%<br>પુરુષ-૫% |
| ૨ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | |
| ૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | |
| ૬ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | |

ઉક્ત બાબત સિવાય, વિભાગના ઉક્ત વંચાણ લીધેલ ક્રમ (૧) અને (૨) પરના ઠરાવોની અન્ય વિગતો, શરતો તેમજ બોલીઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૧૨/૨૦૨૫ની નોંધ તથા સરકારશ્રીની તા.૦૯/૦૧/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાનાઃ-

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (નાણા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (સા. ન્યા.અને અ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી (સા. ન્યા.અને અ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સેકશન અધિકારીશ્રીઓ.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭, કર્મયોગી ભવન સે-૧૦, ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, બ્લોક નંબર : ૧૧, બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, બ્લોક નં.૧૧, બીજે માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, બ્લોક - ૧૬ (ભોયતળીયે), ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નંબર-૧૯, ૨જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, બ્લોક નંબર-૭, ૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.